ગુજરાત જાહેર સેવા આયોગ

છ-૩ સર્કલ પાસે, છ રોડ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

::અગત્યની સૂચના::

જાહેરાત ક્રમાંક: ૫૩/૨૦૨૬-૨૭
(Pre-scrutiny અર્થે પ્રમાણપત્રો અપલોડ કરવા બાબત)

જગ્યાનું નામ: મેનેજર ગ્રેડ-૧, વર્ગ-૨, માર્ગ અને મકાન વિભાગ (દિવ્યાંગજનો માટેની ખાસ ભરતી, ચોથો ભરતી પ્રસંગ)

જા.ક્ર.-૫૩/૨૦૨૬-૨૭, મેનેજર ગ્રેડ-૧, વર્ગ-૨, માર્ગ અને મકાન વિભાગ (દિવ્યાંગજનો માટેની ખાસ ભરતી, ચોથો ભરતી પ્રસંગ) ની ભરતી અનુસંધાને ખાસ કિસ્સામાં Pre-scrutiny (પ્રાથમિક કસોટી પહેલા અરજી ચકાસણી) અર્થે ઉમેદવારોએ ભરતી નિયમો અને જાહેરાતની જોગવાઇ મુજબના જરૂરી પ્રમાણપત્રો **તા.૨૬/૧૦/૨૦૨૬ ના રોજ ૧૩:૦૦ કલાક થી તા.૦૧/૧૧/૨૦૨૬ ના રોજ ૨૩:૫૯ કલાક સુધી** આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર અચૂક ઓનલાઇન અપલોડ કરવાના રહેશે. (આ અનુસંધાને આ જાહેરાત અન્વયે નોંધાયેલ દરેક ઉમેદવારને પાઠવવામાં આવેલ પત્ર તથા ઇ-મેઇલ મુજબના જરૂરી પ્રમાણપત્રો અપલોડ કરવાના થાય છે.) જો લાગુ પડતા જરૂરી પ્રમાણપત્રો આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર **તા.૦૧/૧૧/૨૦૨૬ ના ૨૩:૫૯ કલાક સુધીમાં** અપલોડ કરવામાં નહીં આવે, તો તેવા સંબંધિત ઉમેદવારોની ઉમેદવારી આ પરીક્ષામાંથી રદ કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

ખાસ નોંધ:-

(૧) તા.૦૨/૧૧/૨૦૨૩ થી તા.૦૧/૧૧/૨૦૨૬ (પ્રમાણપત્રો ઓનલાઇન અપલોડ કરવાની છેલ્લી તારીખ) સુધીના સમયગાળા દરમિયાન મેળવેલ EWS પ્રમાણપત્ર જ માન્ય ગણવામાં આવશે.

Downloaded from websankul.com

(૨) તા.૦૧/૦૪/૨૦૨૪ થી તા.૦૧/૧૧/૨૦૨૬ (પ્રમાણપત્રો ઓનલાઇન અપલોડ કરવાની છેલ્લી તારીખ) સુધીના સમયગાળા દરમિયાન મેળવેલ Non Creamy Layer Certificate (NCLC) જ માન્ય ગણવામાં આવશે.

(૩) અનુભવના પ્રમાણપત્રો : જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી ક્રમાનુસાર મેળવેલ અનુભવ, લાગુ પડતા સંવર્ગના કાર્યકાળની શરૂઆતથી પગારની વિગત, ફરજ / કામના પ્રકાર દર્શાવવાના રહેશે) સરકારી કર્મચારી/અધિકારી હોય તે સિવાયના ઉમેદવારોએ ફરજિયાતપણે **https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/IN-EXPFORMAT-240523.pdf** મુજબનું નિયત અનુભવનુ પ્રમાણપત્ર રજૂ કરવાનુ રહેશે. જ્યારે સરકારી કમર્ચારી/અધિકારીઓએ સબંધિત કચેરી દ્વારા અપાયેલ અનુભવનું પ્રમાણપત્ર તથા સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નિયત થયા મુજબ NOC રજૂ કરવાનું રહેશે.

(૪) ખાનગી ક્ષેત્ર (સરકાર તથા બોર્ડ, નિગમ, કોર્પોરેશન સિવાયની સંસ્થાઓ કે જ્યાં સા.વ.વિ. દ્વારા નિયત થયેલ અનુભવનું પ્રમાણપત્ર લાગુ પડતુ નથી) નો અનુભવ ધરાવતા ઉમેદવારોએ જાહેરાતની જોગવાઈઓ મુજબ અનુભવના નિયત પ્રમાણપત્ર સાથે લાગુ પડતા તમામ જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રો તથા ભરતી નિયમો મુજબ માંગેલ અનુભવના પ્રમાણપત્રની ખરાઇ માટે અનુભવના સમયગાળા દરમિયાનનું Salary Accounts Bank Statement અને ફોર્મ-૧૬ (ભાગ-A અને B) અથવા Income Tax Return (ITR) ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.

(૫) દિવ્યાંગતા પ્રમાણપત્ર : આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૫/૧૨/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક-HFWD/MSM/e-file/7/2024/1833/A ની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારોએ Rights of Persons with Disabilities Rules, 2017 થી નિયત થયેલ FORM -V, VI, VII મુજબનું દિવ્યાંગતા પ્રમાણપત્ર (Disability Certificate) (જે લાગુ પડે તે મુજબ) આપવાનું રહેશે.

સહી/-
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

સ્થળ: ગાંધીનગર
તારીખ: ૨૨/૧૦/૨૦૨૬

Downloaded from websankul.com